# ભગવત્-ગુણભંડાર
## -રાજેન્દ્ર દવે

### મારી પ્રજા ખાંડને બદલે ગોળ ખાશે

ઈ. સ. ૧૯૪૩માં રેશનીંગના વખતમાં અનાજની ઘણી તંગી ઉભી થયેલી. રાજકોટ એજન્સીના સીવીલ સપ્લાઈઝ ખાતાના શ્રી. કાજીએ ગોંડલ મહારાજા પાસે દરખાસ્ત મુકી કે જો ગોંડલ રાજ્ય તેમનો બાજરો આપે તો જ સરકાર ગોંડલ રાજ્યને ખાંડ અને ગોળ આપી શકે. ગોંડલ મહારાજાએ ઉત્તર આપ્યો : 'જો એટલું ઉત્પન્ન હોત તો બાજરો દેવામાં હરકત ન હોય; પણ આવી તંગીમાં બાજરો આપી શકાય તેમ નથી. લડાઈના વખતમાં બીજી વસ્તુ વગર ચલાવી લેતાં પ્રજાએ શીખવું જોઈએ. એટલે મારી પ્રજા ખાંડને બદલે ગોળ ખાશે ને મીલના કાપડને બદલે હાથે કાંતી-વણી પાણકોરું પહેરશે; પણ આવી તંગીમાં બાજરો તો જરાકે આપી શકાશે નહીં.' ને તેમણે બાજરો ન જ દીધો. પાન : ૧૮૯

### કાયદો બધાને સરખો

મહારાજા ભગવતસીંહજીના રાજમાં કાયદો પ્રજાના તમામ વર્ગ માટે એક સમાન હતો. રાજ્યના ઉચ્ચ પદાધીકારી હોય કે પછી સામાન્ય પ્રજાજન; કોઈ કાયદાનું ઉલ્લંઘન કરી શકતું નહીં. મહારાજા ભગવતસીંહજી પોતે પણ રાજ્યના કાયદાનું ચુસ્તપણે પાલન કરતા. એક વખત પોતાની ઘોડાગાડી રાત્રે નીકળી. તેમાં બત્તીઓ બળતી ન હતી, જેથી પોલીસે ગાડી ઊભી રખાવી ને બત્તી કરાવ્યા પછી ગાડી ચાલુ કરી હતી. પાન : ૧૯૦

### કોશકાર તરીકેની કાળજી

ભગવદ્ગોમંડળમાં દરેક શબ્દના અર્થ અને તેની વીગત ખુબ જ ખંત, કાળજી અને ઝીણવટથી લેવામાં આવતાં હતાં. મહારાજા ભગવતસીંહજી પણ સ્વયં ખાતરી કરતા. એક શબ્દના અર્થમાં : 'એક જાતનો ઝેરી ઉંદર' એવી વીગત આપેલી. 'ઝેરી' શબ્દ અંગે મહારાજાને સંતોષ થયો નહીં, તેથી કલકત્તા ટ્રોપીકલ સ્કુલ ઑફ મેડીસીનને પુછાવવાનું ફરમાન થયું. ત્યાંથી ઉંદર ઝેરી હોય શકે એવું લખાણ આવ્યું. છતાં હેફ્ગઈન ઈન્સ્ટીટ્યુટ મુંબઈને પુછાવ્યું. ત્યાંથી ઉંદર ઝેરી હોવાની અનુમતી આવી ત્યારે તે વીગત રાખવામાં આવી. પાન : ૧૯૨

### વ્યક્તી - સ્વાતંત્ર્ય

મહાત્મા ગાંધીજીએ રાજકોટમાં આમરણાંત ઉપવાસ આદર્યા તે સમયે જબરું આંદોલન જાગ્યું હતું. તેમાં સરકારને એવી ગંધ આવી કે રાજકોટના જે સત્યાગ્રહીઓને ખટારા મારફ્ત હલેન્ડા ખસેડી મુકવામાં આવે છે તેમને દડવાની પ્રજા સહકાર આપી, ગોંડલ તેમ જ અન્ય સ્થળે સુખરુપ પહોંચાડી તેઓને ટેકો આપે છે. આ અંગે સરકારી તપાસ નીકળતાં મહારાજાએ સરકારની જરાયે શરમ રાખ્યા વીના સ્પષ્ટ સંભળાવી દીધેલ કે સૌ કોઈ પોતપોતાને હીસાબે ને જોખમે કરે, તેમાં કાયદાકાનુન વીના શું થઈ શકે ? કોઈના વ્યક્તીગત સ્વાતંત્ર્યમાં વચ્ચે પડવા તેઓ તૈયાર નહીં.

ગોંડલ રાજ્યના એક સામાન્ય નોકરે ગાંધીજીના જેલવાસ દરમીયાન પોતાનો પગાર કોંગ્રેસને આપવાનો નીર્ણય કર્યો. આ વાતની જાણ સરકારને થતાં તપાસ કરવામાં આવી. મહારાજાએ સ્પષ્ટ જણાવી દીધું કે એમાં રાજ્યને શું લાગેવળગે ? રાજ્યનો નોકર એની ઈચ્છામાં આવે તેમ પોતાના પગારનો ઉપયોગ કરી શકે છે અને તે ધોરણે એ નોકર પોતાનો તો શું પણ પોતાના પીતાનોયે પગાર ઈચ્છે તો કોંગ્રેસને મોકલી શકે છે. પાન : ૧૯૮

## વીશ્વાસભંગ

લંડનના દાદાભાઈ નવરોજજીનું જીવનવૃત્તાંત લખાઈ રહ્યું હતું. તે વખતે એવા કાગળો નીકળ્યા કે દાદાભાઈ નવરોજજી મારફ્ત ગોંડલ મહારાજા ભગવતસીંહજીએ કૉંગ્રેસને આર્થીક સહાય કરી છે. આ હકીકતનો ઉલ્લેખ કરવા માટે લખાણ થતાં જ્યારે છેવટે એમની મંજુરી માંગવામાં આવી ત્યારે પ્રથમ તો તેમણે મૌન સેવ્યું. મંજુરી આપવા જ્યારે એમને ખુબ આગ્રહ થયો ત્યારે તેઓ માત્ર એટલું જ બોલેલા કે, એ તો વીશ્વાસભંગ કહેવાય, અર્થાત્ દાદાભાઈ અને એમની વચ્ચે જે સમજથી એ વખતે વહેવાર થયો હતો તે સંબંધે એકબીજાની સંમતી વીના હા કે ના પાડવી એ તો વીશ્વાસભંગ ગણાય. પાન: ૧૯૯

## છુત-અછુતના ભેદભાવ ભુલાવ્યા

ભગવતસીંહજીના ગોંડલ રાજ્યમાં દરેક ગામડે કુવાની સગવડ હતી. એક ગામના કેટલાક હરીજન આગેવાનોએ એક વખત ભગવતસીંહજીની સમક્ષ આવીને એવી રજુઆત કરી કે ગામના લોકો અમને અછુત ગણી કુવેથી પાણી ભરવા દેતા નથી. ભગવતસીંહજીએ તેમની ફરીયાદ સાંભળી, તાકીદે એ ગામમાં એ કુવાની સામે જ બીજો કુવો બનાવવાનો અને એ કુવાનો ખર્ચ એ ગામના લોકો પાસેથી વસુલ કરવાનો હુકમ કર્યો. આથી ગ્રામજનો સમજી ગયા અને છુત-અછુતના ભેદભાવ ભુલી, હરીજનોને કુવેથી પાણી ભરવા દેવા લાગ્યા. પાન: ૨૦૫

## તલબાનો

ગોંડલ રાજ્યની પ્રજાને સરકારી કર્મચારીની તુમારશાહીનો ભોગ બનવું ન પડે એ માટે ભગવતસીંહજીએ કર્મચારીઓ માટે ખુબ જ કડક કાયદો રાખ્યો હતો. કોઈ પણ નાગરીકના કામનો નીકાલ ત્રણ દીવસમાં આવી જવો જોઈએ એવો કાયદો હતો. ત્રણ દીવસથી વધારે વીલંબ થાય તો જે-તે ખાતાના સંબંધીત કર્મચારીનો પગાર કાપી લેવામાં આવતો, જેને 'તલબાનું' કહેવાતું. આવી સજા ન થાય એ માટે કર્મચારીઓ સરકારી કામમાં જરાય વીલંબ કરતા નહીં અને પ્રજાને પણ તુરંત ન્યાય મળી જતો. પાન: ૨૦૯

## મકાન સરસ છે, પણ તેને પૈડાં નથી

મહારાજા ભગવતસીંહજી એક દીવસ ગોંડલ રાજ્યના કોલકી ગામની મુલાકાતે ગયેલા. આ ગામમાં રસ્તા બનાવવાનું કામ શરુ થતું હોઈ લાઈનદોરી કાઢવાની હતી. ગામના એક પટેલે મહારાજાને આમંત્રી પોતાનું નવું બનાવેલું મકાન બતાવ્યું. મકાન જોઈ લીધું એટલે મહારાજા બોલ્યાઃ "મકાન સરસ બનાવ્યું છે; પણ એક જ ખામી છે: મકાનને પૈડાં નથી."

મહારાજાને આવું કહેતા સાંભળી પટેલને આશ્ચર્ય થયું એટલે મહારાજાએ ખુલાસો કરતા કહ્યુંઃ "તમારું મકાન લાઈનદોરીમાં આવી જાય છે એટલે પાડવું પડશે. ખેડુતનો દીકરો મકાન પાછળ રુપીયા ન બગાડે, ખેતરમાં ખર્ચ કરે." પાન: ૨૧૧

## ખોટી પ્રશંસાથી હું છકી જાઉં

મહારાજા ભગવતસીંહજી પોતાના દરબારમાં બેઠા હતા ત્યારે એક ગઢવીએ દરબારમાં પ્રવેશી મહારાજની પ્રસંશા કરતા દુહા લલકાર્યા. આ ગઢવી એક પછી એક એમ કુલ ૫૧ દુહા ગાઈ ગયા. દરબારમાં ઉપસ્થીત સભ્યો ગઢવીની વાણી સાંભળીને ખુશ થઈ ગયા.

ગઢવી સહીત બધાની એ ધારણા હતી કે ગઢવીની વાણી સાંભળી પ્રસન્ન થયેલા મહારાજા ગઢવીને અમુલ્ય ભેટ આપી તેનું સન્માન કરશે; પરંતુ મહારાજા ભગવતસીંહજીએ તો ગઢવીને દુહા દીઠ એક રૂપીયા લેખે કુલ એકાવન રૂપીયાની ભેટ આપતાં સૌની ધારણા ખોટી ઠરી.

મહારાજાએ ગઢવીને પુરસ્કાર આપીને ચોખવટ કરી કે, "જો હું મોટી ભેટ આપું તો ભેટની લાલચને લીધે ઠેર-ઠેરથી લોકો અહીં આવી મારી સાચી-ખોટી પ્રસંશા ગાવા લાગે. જો આમ થાય તો તેનો મને કેફ ચડે. આવું ન થાય એ માટે હું તમને ફુલ નહીં; પણ ફુલની પાંખડીરુપે આ ભેટ આપું છું."
પાન : ૨૧૮

## ઉડાવ કે કરકસરીયા ?

મહાત્મા ગાંધીજી ઈ.સ. ૧૯૧૫માં આફ્રીકાથી સ્વદેશ પાછા ફર્યા એ પછી તેઓ ગોંડલ રાજ્યના મહેમાન બન્યા. રાજ્યના નીયમ પ્રમાણે મહારાજા ભગવતસીંહજીએ ત્રણ દીવસ સુધી ગાંધીજીની મહેમાનગતી કરી. પણ ચોથો દીવસ થતાં જ રાજ્ય તરફથી ગાંધીજીને રોકાણખર્ચનું બીલ પહોંચાડવામાં આવ્યું. પણ પાછળથી આ બીલની રકમ ગોંડલના રાજવૈદ જીવરામ કાલીદાસે ગોંડલના જ એક શ્રેષ્ઠી મારફ્ત ચુકવી આપી હતી. ગાંધીજીની સાથે આવેલા તેમના રસાલાનો ખર્ચ ઉઠાવવાની પણ ગોંડલ રાજ્યે અનીચ્છા વ્યક્ત કરી હતી.

થોડાં સમય પછી મહારાજા ભગવતસીંહજી અને મહાત્મા ગાંધીજીનો મેળાપ થયો ત્યારે ગાંધીજીએ મહારાજાની કરકસરના વખાણ કરી પોતાને થયેલા અનુભવની યાદ અપાવી હતી. ભગવતસીંહજીને પોતાની આ પ્રશંસામાં કટાક્ષ લાગતાં તેઓએ ગાંધીજીને પ્રશ્ન કરતા કહેલું: 'બાપુ તમે જ્યારે આફ્રીકામાં સત્યાગ્રહની લડત ચલાવતા હતા ત્યારે આપને હીંદમાંથી એક અનામી વ્યક્તી તરફથી છુપી રીતે નાણાં મળતાં હતાં ખરાં ? એ નાણાં આપને કોણ મોકલતું હતું એની આપે કદીયે તપાસ કરી છે ખરી ? રંગભેદી ગોરાઓ સામેની એક હીન્દુસ્તાની જવાંમર્દની સ્વમાનની રક્ષા માટેની લડતથી પ્રભાવીત થઈને એ નાણાં હું આપને મોકલતો હતો. હવે આપ મને શું કહેશો ? ઉડાઉ કે કરકસરીયો ? આટલું કહી હસી પડેલાં મહારાજાને તાજ્જુબ થઈ ગયેલા ગાધીજી તાકતા જ રહી ગયા હતા. પાન : ૨૨૨

*આવા આ રાજવી, ગોંડલ નરેશ 'મહારાજા ભગવતસીંહજી', ગુજરાતી ભાષા જીવશે ત્યાં સુધી તેના ભાષકોને યાદ રહેશે તેમના, 'ન ભુતો ન ભવીષ્યતી' એવા એક અજોડ સર્જન 'ભગવદ્ગોમંડલ' શબ્દકોશથી..*

'ભગવદ્ગોમંડલ'ની ખરી વીશેષતા, એને ભારતના શ્રેષ્ઠ કોશોની હારોળમાં સ્થાન આપી શકવાની શક્તી ધરાવે છે, તે એ કે, તે એક સામાન્ય શબ્દકોશ નથી; પરંતુ એક ઉત્કૃષ્ટ કક્ષાનો માહીતીકોશ, જ્ઞાનકોશ કે એન્સાઈક્લોપીડીયા છે. તે સાચે જ અદ્વીતીય બૃહદ્ જ્ઞાનકોશ છે. ધર્મ, તત્ત્વમીમાંસા, સાહીત્ય, કલા, વાણીજ્ય, વીજ્ઞાન અને રોજીંદા કૌટુંબીક, સામાજીક, સાંસ્કૃતીક અને ધાર્મીક જીવન-વ્યવહારનાં તમામ પાસાંઓને તેમાં સમાવી લેવાયાં છે. સમગ્ર કોશમાં કુલ ૨૮,૧૫૬ તો રુઢીપ્રયોગો આપવામાં આવ્યા છે.

આમ,'ભગવદ્ગોમંડલ'માં રુઢીપ્રયોગોનો સંગ્રહ પણ સમૃદ્ધ છે. નવ ભાગના, નવ હજાર પાનાંના, આ સમગ્ર ગ્રંથની પ્રત્યેક ભાગવાર દર્શાવાયેલી શબ્દ-ગણતરી આપણને તાજ્જુબ કરી દે છે :-

ભદવદ્દગોમંડલ : શબ્દ-ગણતરી

| ભાગ | શબ્દ | પૃષ્ઠ-સંખ્યા | શબ્દ-સંખ્યા | અર્થ | રૂઢિપ્રયોગ |
|---|---|---|---|---|---|
| ૧ | 'અ'થી 'આ' | ૦,૯૦૨ | ૨૬,૬૮૭ | ૫૧,૩૩૮ | ૧,૩૦૩ |
| ૨ | 'આ'થી 'ઔ' | ૦,૯૩૨ | ૨૭,૩૨૪ | ૫૬,૩૬૯ | ૩,૧૪૬ |
| ૩ | 'ક'થી 'ઙ' | ૧,૨૨૬ | ૪૬,૦૨૫ | ૯૦,૬૦૦ | ૪,૬૧૪ |
| ૪ | 'ચ'થી 'તા' | ૧,૦૬૦ | ૩૧,૪૫૬ | ૬૦,૩૨૩ | ૪,૦૩૫ |
| ૫ | 'તિ'થી 'નિ' | ૧,૦૧૮ | ૩૩,૪૦૮ | ૫૮,૬૦૮ | ૨,૩૭૬ |
| ૬ | 'ની'થી 'ફ' | ૧,૦૧૪ | ૩૨,૯૫૯ | ૬૩,૭૧૪ | ૩,૨૮૭ |
| ૭ | 'બ'થી 'મા' | ૧,૦૬૬ | ૩૦,૬૦૪ | ૬૦,૦૪૯ | ૩,૬૨૬ |
| ૮ | 'માં'થી 'વ' | ૧,૦૨૬ | ૨૮,૫૭૬ | ૫૫,૫૧૨ | ૩.૭૧૮ |
| ૯ | 'શ'થી 'ળ' | ૧,૦૨૬ | ૨૪,૩૩૮ | ૪૩,૯૪૨ | ૨,૦૫૧ |
| | કુલ : | ૯,૨૭૦ | ૨,૮૧,૩૩૭ | ૫,૪૦,૪૫૫ | ૨૮,૧૫૬ |

પાન : ૧૬૨

*બસ, જરુર છે હવે, અતીસમૃદ્ધ એવા ગુજરાતીલેક્સીકોનને પ્રથમ વાર ડીજીટલ સ્વરુપે ઈન્ટરનેટ પર મુકી આપનાર શ્રી. રતીલાલ ચંદરયા જેવા કોઈ 'ભાષાના ભામાશાહ'ની; આ અમુલ્ય વારસાને ડીજીટલ સ્વરુપે ઈન્ટરનેટ પર સર્વજન-સુલભ કરી આપવા માટે ....બનવા જોગ છે કે એવું બનેય ખરું ! ૮૬ વરસના નવયુવાન શ્રી રતીભાઈ આ ન કરે તો બીજું કરશેય કોણ../..ઈન્શાલ્લાહ..*

--બળવંત પટેલ (ગાંધીનગર) અને ઉત્તમ ગજ્જર (સુરત)

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : 151 – –April 27, 2008
'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં અક્ષરાંકન : ઉત્તમ ગજ્જર uttamgajjar@hotmail.com

*

ઉપરોક્ત સઘળી માહીતી-સામગ્રી હાલ રાજકોટ 'ફુલછાબ'ના સહતંત્રી શ્રી. રાજેન્દ્ર દવે સંપાદીત ગ્રંથ 'ભગવત્-ગુણભંડાર' (પ્રકાશક : પ્રવીણચન્દ્ર એમ. પટેલ, પ્રવીણ પ્રકાશન પ્રા. લીમીટેડ, લાભ ચૅમ્બર્સ, ઢેબર રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧ પાનાં : ૨૩૨, કીંમત : રુપીયા-૧૫૦)માંથી સાભાર લીધી છે.. મહારાજની તસ્વીર પણ પુસ્તકના મુખપૃષ્ઠ પરથી સાભાર લીધી છે..

* * *

◆ 13મી જાન્યુઆરી 2006ના દીને મુંબઈ ખાતે ગુજરાતી લેક્સીકોનના થયેલા પ્રથમ લોકાર્પણને બે વરસ પુરાં થયાં. આ બે વરસમાં 8,55,000 જેટલા ભાષાપ્રેમીઓએ અત્યાર સુધીમાં http://www.gujaratilexicon.com ની મુલાકાત લીધી. આપને અને આપ મારફત આપના મીત્રોને પણ લેક્સીકોનની આ નવી interfaceની મુલાકાત લેવાનું નીમંત્રણ છે. વીશ્વનાં કરોડો ગુજરાતી

ભાઈ-બહેનો સુધી આ સંદેશો પહોંચાડવામાં સહાય કરી, આપને પણ ગુજરાતી ભાષાની અમુલ્ય સેવાના પુણ્યના અધીકારી બનવા વીનંતી.

*વપરાશકારોના મળેલાં મુલ્યવાન સુચનો અનુસાર અમે http://www.gujaratilexicon.com ના ઉઘડતે પાને જ અમારું 'સરસ ગુજરાતી સ્પેલચેકર' આકૃતી સાથે ડાઉનલોડ લીંક જોડી મુક્યું છે. આપ તે ડાઉનલોડ કરો અને તેની ક્ષમતા ચકાસી સુચનો મોકલો એવી વીનંતી કરીએ છીએ.*

આપ સૌના સહયોગ થકી 'સન્ડે ઈ-મહેફીલ'ના 8,400 જેટલા વાચકો થયા અને રોજેરોજ નવાં નામો ઉમેરાતાં જાય છે એ પુરવાર કરે છે કે, દેશવીદેશમાં ગુજરાતી વાચનના રસીયા બહુ મોટી સંખ્યામાં છે. સૌનો આભાર...અમારી 'સન્ડે ઈ-મહેફીલ'ની અત્યાર સુધીની જુની સઘળી પીડીએફ ફાઈલો અમારી વેબસાઈટ http://gujaratilexicon.com/index.php?aciton=downloadSeM પરથી સરળતાથી ડાઉનલોડ થઈ શકશે. આ જ વેબ સાઈટ પરથી લેક્સીકોન અને શ્રી. વીપુલ કલ્યાણી તરફથી લંડનથી પ્રકાશીત થતા 'ઓપીનીયન' માસીકના અને શ્રી. પ્રવીણ વાઘાણી તરફથી મેલ્બોર્ન-ઓસ્ટ્રેલીયાથી પ્રકાશીત થતા 'માતૃભાષા' માસીકની મુલાકાતે પણ જઈ શકાશે.. ◆

* * * * * * *



ગોંડલ નરેશ મહારાજ ભગવતસીંહજી
જન્મ : ૧૮૬૫ ..... અવસાન : ૧૯૪૪

લેખક સંપર્ક:
શ્રી. રાજેન્દ્ર દવે, 'દવે ઘર', ૩-વૈશાલીનગર, મહીલા કૉલેજ પાછળ, રાજકોટ-૩૬૦ ૦૦૧
ફોન : ઘરે - ૦૨૮૧-૨૫૭ ૦૨૮૩
લેખક હાલ રાજકોટ '**ફુલછાબ**'-દૈનીકના તંત્રીવીભાગમાં સહતંત્રી છે..

* * * * *

* * * * * * *

# ● મધુરેણ સમાપયેત્ ●




Here comes the competition!

પેન્સીલ્વેનીયા-અમેરીકામાં વસેલા અમદાવાદી કાર્ટુનીસ્ટ શ્રી. મહેન્દ્રભાઈ શાહનો
ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com
એમનો પરીચય પામવા અને એમનાં ખુબ બધાં કાર્ટુન્સ માણવા જુઓ એમની
web site : www.ameamericanamdavadi.com



◆◆◆ ● ◆◆◆